/

<u>નવી સેવા વર્ષ ૨૦૨૧-૨૨</u>

નાયબ નિયામક (હિસાબ) વર્ગ-૧ની નવી જગ્યા ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૦/૧૭૮૪/બ-૧

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૦૪/૨૦૨૧

<u>//ઠરાવ//</u>

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા સમગ્ર રાજ્યમાં આઈસીડીએસ યોજનાના અમલીકરણ અન્વયે નાણા/ગ્રાંટની કામગીરી માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કરેલ જોગવાઈ અનુસાર નાયબ નિયામક (હિસાબ), વર્ગ-૧ની જગ્યા ઉભી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે નાયબ નિયામક (હિસાબ) વર્ગ-૧ની પે મેટ્રીક્સ લેવલ-૧૧ (રૂ.૬૭૭૦૦-૨૦૮૭૦૦) પગારધોરણની ૦૧ (એક) જગ્યાની નવી સેવા ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ની રૂ.૧૦.૦૦ (દસ) લાખની બજેટ જોગવાઈમાંથી (૧૦૦% સ્ટેટ બર્ડન) નીચેની શરતોને આધીન ખર્ચ કરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

<u>શરતો:</u>

1. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો પ્રવર્તમાન આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન/2003/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
11. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
12. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
13. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
14. આ નવી મંજૂર જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
15. આ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૧થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬
મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ
પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી
ગૌણ સદર :- ૧૦૧ અન્ય ખર્ચ.
પેટા સદર:- ૦૧-એન.ટી.આર.૧૦ આંગણવાડી વર્કર તથા આંગણવાડી હેલ્પરને વધારાની સવલતો

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ ચાદવ)
ઉપસચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ................
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ..................
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ..............
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ................
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિકાસ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
19. શાખા સિલેક્ટ ફાઇલ.